# એકતાનગરમાં વડા પ્રધાન મોદીએ ૨૮૪ કરોડનાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની પૂર્વ સંધ્યાએ વડા પ્રધાન મોદીએ એકતા નગરમાં ૨૮૪ કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. તેમણે નવા પ્રવાસન અને આકર્ષણ કેન્દ્રોની સાથે સાથે પ્રવાસન કાર્યના વિકાસને પ્રોત્સાહન આપતાં પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું હતું, જેમાં બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ અને ૫૦ બેડની ક્ષમતા ધરાવતી સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલનો સમાવેશ થાય છે.

વડા પ્રધાન મોદીએ ૨૨ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું, જેની સાથે ટ્રોમા સેન્ટર, સિટી સ્કેન, આઈસીયુ, લેબર રૂમ અને ઓપરેશન થિયેટર જેવી પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ નાગરિકો માટે ઉપલબ્ધ થશે. આ સાથે, આઈસીયુ ઓન-વ્હિલ્સની નવી સેવાઓ પણ શરૂ કરવામાં કરાઈ હતી. એકતાનગરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક સર્કલ્સ બ્યુટીફિકેશન બનાવવામાં આવ્યા છે. ૧૦ સ્માર્ટ બસ સ્ટોપ અને ૧૦ પિક-અપ સ્ટેન્ડના નિર્માણ સાથે નગરની સગવડો વધારવામાં આવી છે, જેના પ્રથમ તબક્કાનું લોકાર્પણ વડા પ્રધાનના હસ્તે થયું હતું.

જુલાઈ ૨૦૨૪માં ૨૦ દિવસના શિલ્પ સિમ્પોઝિયમના ભાગરૂપે 'પાણી, પ્રકૃતિ અને એકતા' પર આધારિત તૈયાર કરાયેલ ૨૪ શિલ્પકૃતિઓ એકતાનગરના વિવિધ જાહેર સ્થળોએ સ્થાપિત કરવામાં આવી હતી. વડા પ્રધાન મોદીએ બસખાડીથી વ્યુપોઈન્ટ-૧ સુધીના વોકવે તેમ જ એકતા દ્વારથી શ્રેષ્ઠ ભારત ભવન સુધીના નવનિર્મિત માર્ગોના પ્રથમ તબક્કાનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે ૨૩.૨૬ કરોડના ખર્ચે ચાર મેગાવોટ સોલાર પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કર્યું હતું. તે ઉપરાંત એકતાનગર ખાતે સાકાર થઇ રહેલા પ્રકલ્પ-પ્રોજેક્ટ પ્રદર્શનિનું નિરીક્ષણ કર્યું હતું.

૨૦૨૩માં આવેલા પૂરનાં નુકસાનને ધ્યાનમાં રાખીને કેક્ટસ ગાર્ડન નજીક પ્રોટેક્શન વોલનો વિસ્તાર કરવામાં આવશે. ગરૂડેશ્વર ખાતે ૬૦ કરોડના ખર્ચે હૉસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટના પુનર્વિકાસ માટે જમીનનું સ્તર ઊંચું કરવાનું કામ હાથ ધરાયું છે. ■

## કચ્છમાં કારતકમાં વૈશાખ જેવો તાપઃ મહત્તમ ઉષ્ણતામાનનો આંક ૪૦ ડિગ્રીને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સામાન્ય રીતે દિવાળી પર્વ બાદ ઉત્તરના પવનો ફૂંકાવાની સાથે શિયાળાનું ધીમા પગલે પગરણ થતું હોય છે. કારતક માસ શરૂ થવાની ગણતરી મંડાઈ હોવા છતાં રણપ્રદેશ કચ્છમાં પશ્ચિમ-ઉત્તર દિશાએથી વાઈ રહેલા પવનોને કારણે જાણે વૈશાખ મહિનો પાછો ફર્યો હોય તેમ ગરમીનું જોર સતત વધી રહ્યું છે. ગાંધીધામ, અંજાર અને આદિપુરને સમાવી લેતું કંડલા એરપોર્ટ મહત્તમ ૪૦ ડિગ્રી તાપમાન સાથે તપ્યું હતું. જ્યારે જિલ્લા મથક ભુજ ૩૯.૬ ડિગ્રી સાથે ગરમ શહેર બન્યું હતું. કચ્છમાં તાપમાનનો પારો ઊંચે ચડીને ૪૦ ડિગ્રી થતાં મધ્યાહ્ને ઉનાળા જેવી ગરમી અનુભવાઇ રહી છે. જ્યારે મોડી રાત્રિથી વહેલી સવાર દરમ્યાન લઘુતમ તાપમાન ૧૭થી ૨૧ ડિગ્રી વચ્ચે રહેતાં જાણે ઠંડીના પગરવ સંભળાઈ રહ્યા છે. દિવસ અને રાત્રીના તાપમાન વચ્ચે ૨૨ ડિગ્રી જેટલા ભારે તફાવતને કારણે હવામાનમાં વિષમતાની પરાકાષ્ટા અનુભવાઇ રહી છે. છેલ્લા કેટલાક સમયથી ભુજ,ગાંધીધામ, અંજાર અને આદિપુરમાં શરદી, ઉધરસ અને તાવના દર્દીઓમાં વધારો થયો હોવાનું તબીબો પાસેથી જાણવા મળ્યું હતું. આગામી પાંચ દિવસ સુધી હવામાનમાં નોંધપાત્ર ફેરફાર થવાની સંભાવના નહિવત્ હોવાનો વર્તારો હવામાન વિભાગે વ્યક્ત કર્યો હતો. ■

# ફેરપ્લે મની લોન્ડરિંગ કેસમાં કચ્છની આંગડિયા પેઢીઓ પર ઈડીના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સટ્ટાખોરોની હોટ ફેવરિટ બની ચૂકેલી આઇપીએલ ક્રિકેટની ટૂર્નામેન્ટમાં ઓનલાઈન સટ્ટાની વધતી જતી બદીનો રેલો સીમાવર્તી કચ્છ તરફ પહોંચ્યો હતો. કરોડોના મની લોન્ડરિંગને લગતા રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બની ચૂકેલા અને ક્રિશ લક્ષ્મીચંદ શાહને સાંકળતા ફેરપ્લે મની કેસ સંલગ્ન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મુંબઈ, ગુજરાત અને કચ્છ સહિત આઠ સ્થળે સર્ચ અભિયાન હાથ ધર્યું હતું.

ગત ૨૫મી ઑક્ટોબરથી હાથ ધરાયેલી કાર્યવાહીમાં ઈડીએ રોકડ, બૅન્ક ભંડોળ, રૂ.ચાર કરોડની ચાંદી સહિતની બેનામી સંપત્તિ, સંવેદનશીલ દસ્તાવેજો, સાંયોગિક પુરાવા એકત્ર કરવા માટે ડિજિટલ ઉપકરણો તથા મિલકત સંબંધી દસ્તાવેજો પણ જપ્ત કર્યા હતા. મુંબઈમાં નોંધાયેલી ફરિયાદના આધારે કરાયેલી કાર્યવાહીમાં ફેરપ્લે સ્પોર્ટ્સ એલએલસી અને તેની સહયોગી કંપનીઓ દ્વારા નેટવર્ક ઊભું કરીને થતાં સટ્ટાખોરીના કાર્યમાં કથિત રીતે જાણીતી બ્રોડકાસ્ટ કંપની વાયકોમ ૧૮ મીડિયા પ્રાઈવેટ લિમિટેડને રૂ.૧૦૦ કરોડથી વધુનું નુકસાન પહોંચાડ્યું હતું.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કચ્છ જિલ્લાની કેટલીક આંગડિયા પેઢીઓમાં ઈડી દ્વારા દરોડા પડાયા હતા. જેમાં ફેરપ્લે સંબંધી નાણાકીય વ્યવહારો કરવા કોના દ્વારા પૈસા મોકલાયા હતા તે બાબતે કડક પૂછપરછ હાથ ધરાઈ હતી અને અગત્યના દસ્તાવેજો અને સીસીટીવી ફૂટેજ સહિતની વિગતો મેળવાઈ હતી. ગત જૂન, ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં પણ ઈડીએ દેશના અનેક સ્થળે દરોડા પાડ્યા હતા, જેમાં લગભગ ૧૧૩ કરોડની બેનામી સંપત્તિ ટાંચમાં લીધી હતી. અત્યાર સુધી આ મામલામાં કુલ રૂ. ૧૧૭ કરોડની સંપત્તિ જપ્ત કરાઈ હોવાનું જાણવા મળ્યું હતું. ■

# પોરબંદરના બરડા પંથકમાં ૧૪૩ વર્ષ પછી એશિયાઇ સિંહોની ડણક સંભળાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર બાદ હવે પોરબંદરનો બરડા પંથક એશિયાઇ સિંહોનું નવું ઘર બન્યું છે. પર્યટકો હવે બરડા પંથકમાં પણ સિંહદર્શન કરી શકશે. બરડામાં ૧૪૩ વર્ષ પછી સિંહોની ઘરવાપસી થઇ છે. ૨૨ જંગલી પ્રાણી અને ૨૬૯ પક્ષીઓની પ્રજાતિનું આશ્રયસ્થાન બરડો છે. 'બરડા જંગલ સફારી' ફેઝ-૧નો રાજ્યના વન અને પર્યાવરણ પ્રધાન મુળુભાઈ બેરા વિગેરેના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો.

બરડા પ્રદેશના આશરે ૨૧૫ ચોરસ કિ.મી.ના વિસ્તાર પૈકી ૧૯૨.૩૧ ચોરસ કિ.મી. વિસ્તારને વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ હેઠળ સત્તાવાર રીતે વન્યજીવ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો હતો, બરડા વન્યજીવ અભયારણ્ય પોરબંદર અને દેવભૂમિ દ્વારકા એમ બે જિલ્લાઓમાં ફેલાયેલો છે. બરડા જંગલ સફારીમાં ભાણવડ-રાણાવાવ તેમજ બરડા વન્યપ્રાણી અભયારણ્યના સૌથી મનોહર વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બરડા વન્યજીવ અભયારણ્ય સિંહ ઉપરાંત કુલ ૨૨ સસ્તન પ્રાણીઓની પ્રજાતિઓ માટેનું નિવાસસ્થાન છે. જેમાં સિંહ સિવાય દીપડા, જંગલી બિલાડી, ઝરખ, નોળિયો, વીંજ/નાનું વણીયર, શિયાળ, લોંકડી અને સસલા સામેલ છે. આ ઉપરાંત અભયારણ્યમાં હરણ, સાબર, ચિત્તલ, નીલગાય અને જંગલી ભૂંડ જેવા પ્રાણીઓ પણ વસવાટ કરે છે. આ અભયારણ્યમાં પક્ષીઓની ૨૬૯ પ્રજાતિઓનો સમાવેશ થાય છે, જેમાં મોર, તેતર, દૂધરાજ, પીળીચાંચ ઢોંક, બુલબુલ, ચાશ, દેશી નીલકંઠ, શ્વેત કંઠ કલકલિયો જેવા પક્ષીઓ વિચરણ કરતાં જોવા મળે છે. ■

# બનાસકાંઠાની વાવ વિધાનસભા બેઠક પર ૧૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે

(અમારા પ્રતિનિધી તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આગામી તા.૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે. તા. ૧૮ ઑક્ટોબરથી તા.૨૫ ઑક્ટોબર દરમિયાન કુલ ૨૧ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જેની તા. ૨૮ ઑક્ટોબરના રોજ ચકાસણી અને તા. ૩૦ ઑક્ટોબર સુધીમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ વાવ વિધાનસભા બેઠક હવે કુલ ૧૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.

વાવ વિધાનસભા મતદાર વિભાગ માટે ભરાયેલા કુલ ૨૧ ઉમેદવારો પૈકી ચકાસણી અને ફોર્મ પાછા ખેંચાવાની પ્રક્રિયા બાદ માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય સ્તરના રાજકીય પક્ષના બે (૦૨) ઉમેદવારો, નોંધાયેલા રાજકીય પક્ષના એક (૦૧) ઉમેદવાર ઉપરાંત સાત (૦૭) અપક્ષ ઉમેદવાર મળી કુલ દસ (૧૦) ઉમેદવારો મેદાનમાં છે.

વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં પાંચ અપક્ષ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા હતા, પરંતુ આ બેઠક પર સૌથી શક્તિશાળી અપક્ષ ગણાતા અને ભાજપના નેતા એવા માવજીભાઈ પટેલ ફોર્મ પરત ખેંચવા અંગે માન્યા નથી. ભાજપ દ્વારા અનેક પ્રયાસો અને સમજાવટ છતાં, માવજીભાઈ એકના બે ના થયા અને ચૂંટણી જંગમાં ઝંપલાવી દેતા હવે આ બેઠક પર હવે ભાજપ-કૉંગ્રેસ અને અપક્ષ એવા માવજી પટેલ વચ્ચે ચૂંટણી જંગ જામશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વાવ વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૩૨૧ પોલીંગ સ્ટેશન આવેલા છે. જેમાં તા. ૧૫ ઑક્ટોબર, ૨૦૨૪ સુધીમાં ૧,૬૧,૨૯૩ પુરુષ, ૧,૪૯,૩૮૭ સ્ત્રી અને ૦૧ થર્ડ જેન્ડર મળી કુલ ૩,૧૦,૬૮૧ મતદારોનો સમાવેશ થાય છે. ■

## રાજ્યના ૧૩૫૦ એએસઆઈમાંથી માત્ર ૩૩૭ જ પીએસઆઈની પરીક્ષામાં પાસ થયા

(અમારા પ્રતિનિધી તરફથી)

અમદાવાદઃ રાજ્યના પોલીસ વિભાગમાં ફરજ બજાવતા ડાયરેકટ એએસઆઈ તથા પ્રમોટેડ એએસઆઈની પીએસઆઈ બનવા માટે લેવાયેલી ખાતાકીય પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. માત્ર ૨૫ ટકા જેવું પરિણામ આવ્યું હતું, ખાતાકીય પરીક્ષામાં ૧૩૫૦ ઉમેદવારોમાંથી ૩૩૭ જેટલા જ એએસઆઈ પીએસઆઈ બનવા માટે ઉતિર્ણ (પાસ) થયા હતા. રાજકોટ શહેરના ૫૯માંથી ૨૩ એએસઆઈ પાસ થઈ હવે સિંગલમાંથી સ્ટાર સાથે પીએસઆઈ બનશે. પરીક્ષાર્થીઓ પૈકી કેટલાકે પરીક્ષા જ આપી ન હતી. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પોલીસ ડિપાર્ટમેન્ટની ક્ષમતા વધારવા અને મજબૂત બનાવવા ચાલી રહેલી ભરતી બઢતીની પ્રક્રિયામાં પીએસઆઈની ઘટ ઓછી કરવા વર્તમાન પોલીસકર્મીઓને ખાતાકીય બઢતી પરીક્ષા થકી પીએસઆઈ બનવા માટે મોડ-૩ પરીક્ષા હેઠળ ચાન્સ અપાયો હતો. રાજ્યભરમાંથી ડાયરેકટ એએસઆઈ ઉપરાંત ખાતાકીય પ્રમોશન જોઈ સિન્યોરિટી સાથે પોલીસ કોન્સ્ટેબલમાંથી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર (એએસઆઈ) બનેલા ૧૩૫૦ ઉમેદવારો પરીક્ષામાં ફોર્મ ભર્યા હતા. ■

# આરડીસી બૅન્કની મોટી જાહેરાતઃ રાજકોટ, મોરબી જિલ્લાના ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે ધિરાણ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળી ટાણે રાજકોટ જિલ્લા સહકારી બેન્કે ખેડૂતોના હિતમાં મોટો નિર્ણય કર્યો હતો, સૌરાષ્ટ્રમાં અતિભારે કમોસમી વરસાદના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે, આર્થિક રીતે પાયમાલ થયેલા ખેડૂતોને નાણાકીય મદદ મળી શકે તે માટે રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો. ઓપરેટિવ બેન્કના ચેરમેન અને જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયા તથા બૅન્કના તમામ ડિરેક્ટરોએ રૂપિયા ૧૦૦૦ કરોડ લોન ૦ ટકા વ્યાજે ૧ વર્ષ માટે આપવાની જાહેરાત કરી હતી.

બૅન્કના ચેરમેન જયેશ રાદડિયાએ જણાવ્યું હતું કે રાજકોટ ડિસ્ટ્રિક્ટ બૅન્કના કાર્યક્ષેત્ર રાજકોટ તથા મોરબી જિલ્લાના આશરે ૨.૨૫ લાખ જેટલા ખેડૂતોને રૂ. ૧૦૦૦ કરોડનું વગર વ્યાજનું ધિરાણ કરવાનું આયોજન કર્યું છે. ખેડૂતોને આ ૦ ટકા વ્યાજે ધિરાણ કરવાથી જિલ્લા સહકારી બૅન્કને અંદાજે રૂ. ૧૦૦ કરોડ જેટલી માતબર રકમનો બોજ પડશે, જે બોજ જિલ્લા બૅન્ક ઉઠાવશે. રાજકોટ અને મોરબી જિલ્લામાં તાજેતરમાં થયેલી અતિવૃષ્ટિને કારણે ખેડૂતોના તૈયાર પાકોને નુકસાન થયું છે તેમજ સતત પડેલા અતિભારે વરસાદને કારણે ખેડૂતોને મગફળી, કપાસ, સોયાબીન, તુવેર તથા મરચાં સહિતના તૈયાર પાકને ખૂબ જ નુકસાન થયું છે.

ખેડૂતોને હેક્ટરદીઠ ૧૦ હજાર રૂપિયા અને વધુમાં વધુ ૫ હેક્ટર પર લોન મળી શકશે, એટલે કે એક ખેડૂત વધારેમાં વધારે ૫૦ હજાર રૂપિયાની લોન લઈ શકશે, જે એક વર્ષના અંતે પરત કરવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ખેડૂતોએ આ લોન મેળવવા માટે કોઈ જ પ્રકારના જામીન આપવાના રહેશે નહીં અને ખેડૂતોને ૧૦૦૦ કરોડની ઝીરો ટકા લોન આપવાને કારણે બૅન્કને ૧૦૦ કરોડ રૂપિયાનો બોજો પડશે. ■

# ત્રણ દિવસમાં એસટીની એક્સ્ટ્રા ટ્રીપોમાં ૧.૫૦ લાખ લોકોએ મુસાફરી કરી, નિગમને ૨.૧૯ કરોડની આવક

(અમારા પ્રતિનિધી તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય એસટી નિગમને દિવાળીનો તહેવાર ફળ્યો છે. તહેવારો દરમિયાન વતનમાં જતા લોકોનો ધસારો હોવાના પગલે એસટી નિગમ દ્વારા વિવિધ શહેરોમાં એક્સ્ટ્રા બસોની ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ત્રણ દિવસમાં એસટી નિગમમાં ૧.૨૬ લાખ મુસાફરોએ મુસાફરી કરી છે. જેનાથી ૨.૧૯ કરોડની આવક થઈ છે. સુરતમાં છેલ્લા બે દિવસમાં ૩૦૦થી વધારે બસો મૂકવામાં આવી છે.

ગુજરાત રાજ્ય એસટી નિગમના જણાવ્યા મુજબ નિગમ દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવ્યું છે. જેમાં ૨૬ ઑક્ટોબરથી ૨૮ ઑક્ટોબર સુધીમાં કુલ ૨૫૬૦ એક્સ્ટ્રા ટ્રીપો દોડાવી છે. ૧.૨૬ લાખ મુસાફરોથી રૂ.૨.૧૯ કરોડ આવક થઈ છે. જે પૈકી ફક્ત સુરત ખાતેથી ૫૪૦ એક્સ્ટ્રા ટ્રીપોમાં ૨૮૬૭૨ જેટલા મુસાફરોએ જેની કુલ રૂ. ૧ કરોડ આવક થઈ છે. સુરત ખાતેથી એડવાન્સ અને ગ્રૂપ બુકિંગની ૨૯ ઑક્ટોબર માટે ૧૩૯ ગ્રૂપ અને ૪૦ એડવાન્સ મળી કુલ ૧૭૯ બસો જ્યારે ૩૦ ઑક્ટોબર માટે ૮૦ ગ્રૂપ અને ૪૨ એડવાન્સ મળી કુલ ૧૨૨ બસો બુક છે. દિવાળીના તહેવાર દરમિયાન અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના એસટી બસ સ્ટેન્ડ ઉપર પ્રવાસીઓની ભીડ જોવા મળી હતી. દિવાળીના છેલ્લા એક અઠવાડિયામાં દરરોજ ગુજરાત એસટી નિગમમાં વિવિધ ડેપો પર એડવાન્સ બુકિંગ પેટે બે કરોડથી વધારેની આવક થઈ છે. આ સ્થિતિ જોતાં એડવાન્સ બુકિંગ પેટે એસટી નિગમને દરરોજની સરેરાશ રૂપિયા ૨ કરોડની આવક થઈ હોય શકે છે. દિવાળીના દિવસે પણ મુસાફરોનો ધસારો રહેશે. ■

# ગુજરાતમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી ૧૧ નવેમ્બરથી શરૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ખેડૂતોને તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ અને આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી લાભ પાંચમ બાદ ૧૧ નવેમ્બરથી કરવામાં આવશે. ખેડૂતો નોંધણી કરાવી શકે તે માટે નાફેડનું ઈ-સમૃદ્ધિ પોર્ટલ ૦૩-૧૦-૨૦૨૪ થી તા. ૩૧-૧૦-૨૦૨૪ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. રાજ્યનો કોઈપણ ખેડૂત ટેકાના ભાવે ખરીદીના લાભથી વંચિત ન રહી જાય તે માટે આ નોંધણી પ્રક્રિયા આગામી ૧૧ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી કુલ રૂ. ૭,૬૪૫ કરોડના મૂલ્યની ૧૧.૨૭ લાખ મેટ્રિક ટન મગફળી, રૂ. ૪૫૦ કરોડના મૂલ્યની ૯૨,૦૦૦ મેટ્રિક ટન સોયાબીન, રૂ. ૩૭૦ કરોડના મૂલ્યની ૫૦,૯૭૦ મેટ્રિક ટન અડદ અને રૂ. ૭૦ કરોડના મૂલ્યની ૮,૦૦૦ મેટ્રિક ટન મગની મળીને કુલ રૂ. ૮,૪૭૪ કરોડના મૂલ્યની આશરે ૧૨.૭૮ લાખ મેટ્રિક ટન જણસીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે મગફળીનો ટેકાનો ભાવ માટે રૂ. ૬,૭૮૩ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૩૫૬ પ્રતિ મણ), મગનો ટેકાનો ભાવ રૂ. ૮,૬૮૨ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૭૩૬ પ્રતિ મણ), અડદનો ટેકાનો ભાવ રૂ. ૭,૪૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૪૮૦ પ્રતિ મણ) તથા સોયાબિનનો ટેકાનો ભાવ રૂ. ૪,૮૯૨ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૯૭૮ પ્રતિ મણ) જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યના ૧૬૦ જેટલા ખરીદ કેન્દ્રો પર રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભ પાંચમ બાદ તા. ૧૧-૧૧-૨૦૨૪ના રોજથી શરૂ કરવામાં આવશે અને તા. ૦૮-૦૨-૨૦૨૫ના રોજ પૂર્ણ થશે. ■

# રાજ્ય સરકારે વિવિધ પંચાયતોને ૩૫૫ એડિશનલ આસિ. સિવિલ એન્જિનિયર ફાળવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર સહિત રાજ્યની મોટાભાગની પંચાયતોને કુલ ૩૫૫ એડિશનલ આસિસ્ટન્ટ સિવિલ એન્જિનિયર ફાળવ્યા હતા, પંચાયતોમાં એડિશનલ આસિસ્ટન્ટ સિવિલ એન્જિનિયરિંગ વર્ગ- બે ની ખાલી પડેલી અનેક જગ્યાઓ ભરવાનો નિર્ણય કર્યો હતો. ગ્રામ વિકાસના કામો જેવા કે રસ્તા, બ્રિજ સહિતના કામોમાં એન્જિનિયરોની પૂરતી સંખ્યા ન હોવાથી વિલંબ થઈ રહ્યો હોવાની ઊઠેલી ફરિયાદ બાદ સરકારે ૩૫૫ એડિશનલ આસિસ્ટન્ટ સિવિલ એન્જિનિયરોના ઓર્ડર કર્યા હતા. દિવાળીના તહેવારો પહેલા જ અથવા તો ત્યારબાદ તુરત જ હાજર કરી દેવામાં આવે તેવી શક્યતા છે. પંચાયતોમાં સિવિલ એન્જિનિયરોની ભરતી ગુજરાત પંચાયત સર્વિસ સિલેક્શન બોર્ડ-ગાંધીનગર દ્વારા કરવામાં આવતી હોય છે. ૩૫૫ સિવિલ એન્જિનિયરનું ફાઇનલ લિસ્ટ બહાર પાડીને સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરની જિલ્લા પંચાયતોને તેની ફાળવણી કરી છે.

કુલ ૩૫૫ ઉમેદવારોના આ ફાઇનલ લિસ્ટમાં અલગ અલગ કેટેગરી જેવી કે જનરલ એસીબીસી એસટી એક્સ સર્વિસ અને ઇડબલ્યુ એફ જેવી કેટેગરીનું પણ ધોરણ જાળવવામાં આવ્યું હતું અને તેના મેરિટ લિસ્ટની ટકાવારી પણ અલગ અલગ દર્શાવવામાં આવી હતી. ■

# સુરતમાં દિવાળી શુભેચ્છાના હોર્ડિંગ્સમાં માત્ર પાટીલને સ્થાનઃ વડા પ્રધાન મોદી સહિત ટોચનું નેતૃત્વ ગાયબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના તહેવાર નિમિત્તે ભાજપના નેતાઓ મોટા-મોટા હોર્ડિંગના માધ્યમથી દિવાળી શુભેચ્છા પાઠવતા હોય છે, જો કે સુરતમાં દિવાળી શુભેચ્છાના મસમોટા હોર્ડિંગ્સથી દક્ષિણ ગુજરાતના રાજકારણમાં ગરમાટો આવી ગયો હતો. દિવાળી ટાણે સી.આર. પાટીલ જૂથના ગણાતા સુરતના ૩ ધારાસભ્યો સંદીપ દેસાઇ, સંગીતા પાટીલ અને મનુ પટેલ ફોગવાએ કેન્દ્રીય પ્રધાન અને પ્રદેશ પ્રમુખનો મોટા પોસ્ટર લગાવ્યા હતા, જો કે આ પોસ્ટરોમાં ભાજપનું ટોચનું તેતૃત્વ જેવું કે, વડા પ્રધાન મોદી, અમિત શાહ, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના ચિત્રને સ્થાન ન અપાતા કાર્યકરોમાં અને સ્થાનિક પદાધિકારીઓમાં રોષ જોવા મળ્યો હતો.

આ અંગે ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે, સી.આર. પાટીલ ભલે કેટલા પણ પાવરફૂલ નેતા બની ગયા હોય પરંતુ તેઓ ક્યારેય વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું નીચું દેખાય એવું એક પણ કામ કરતા નથી. તેઓ સતત એ વાતનું ખ્યાલ રાખતા હોય છે, પરંતુ તેમના જૂથના જ ૩ ધારાસભ્યોએ દિવાળીના તહેવાર ટાણે નવી મુસીબત ઊભી કરી. અત્રે ઉલ્લેખનીય છે કે ૩માંથી ૨ ધારાસભ્યો તો જુનિયર છે કારણ કે તેઓ પહેલીવાર જ બન્યા છે પરંતુ સંગીતાબેન તો ખાસ્સા સિનિયર છે. જો કે સુરતના ઉધનાના ધારાસભ્ય અને મૂળ કૉંગ્રેસી એવા મનુ પટેલ ફોગવાએ તો ભૂલ સ્વીકારીને હોર્ડિંગ દૂર કરી દીધા હતા, અને રાતો રાત તે જગ્યાએ જાહેરાતના કે અન્ય હોર્ડિંગ લગાવી દીધા હતા. જોકે, મૂળ ભાજપી એવા લિંબાયતના ધારાસભ્ય સંગીતા પાટિલ અને ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઇને કોઇ ફરક પડ્યો ન હતો. સંગીતાબેન પાટિલે ભારતીય જનતા પાર્ટીનું નામ પણ લખ્યું ન હતું. તેને બદલે પાર્ટીનું નિશાન કમળ લગાવ્યું છે તો મનુ પટેલે તો પાર્ટીનું નામ સુદ્ધાં દૂર કરી દીધું હતું. ■

## અમદાવાદમાં ઈમ્પેક્ટ ફીની ૧૭૩૧૯ અરજી મંજૂરઃ મનપાને રૂ. ૧૮૨.૫૩ કરોડની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઈમ્પેક્ટ ફી માટે ૬૬૧૩૫ અરજી આવી હતી. જેમાંથી ૧૭૩૧૯ અરજી મંજૂર કરતાં મ્યુનિ.ને રૂ. ૧૮૨.૫૩ કરોડની આવક થઇ છે. ૩૩૫૨૦ અરજી નામંજૂર થઇ હતી, અત્રે ઉલ્લેખનીય છે કે, ઇમ્પેક્ટ ફી માટે સીધી રકમ રાજ્ય સરકારમાં જમા કરાવવાની હોવાથી કયા એકમે નાણાં ભરાયા તેનું ધ્યાન રાખવા ટીપી કમિટીએ આદેશ આપ્યો હતો. મ્યુનિ. સમક્ષ આવેલી ઇમ્પેક્ટ ફી માટેની અરજીમાંથી ૨૬.૧૮ ટકા મંજૂર થઇ હતી જ્યારે ૫૦.૬૮ ટકા નામંજૂર થઈ હતી.

ઇમ્પેક્ટ ફીની સૌથી વધુ અરજી દક્ષિણ ઝોન જ્યારે સૌથી ઓછી મધ્ય ઝોનમાં આવી હતી. જ્યારે સૌથી વધારે મંજૂર અરજીઓ પણ પૂર્વ ઝોનમાં થઇ હતી. જ્યારે નામંજૂર થયેલી અરજીઓમાં પણ સૌથી વધારે દ.પશ્ચિમઝોનમાં થઇ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અરજીઓ નામંજૂર થવાનું મુખ્ય કારણ સરકારી જમીન પરના બાંધકામ, પૂરતું પાર્કિંગ ન હોવું સહિતના કેટલાક બાબતોનો સમાવેશ થાય છે. ■

## ગુજરાતમાં દિવાળી દરમિયાન ટ્રાફિકના નિયમો તોડતા વાહનચાલકોને પોલીસ દંડશે નહીં

અમદાવાદઃ ગુજરાત પોલીસ દિવાળીના તહેવારો દરમિયાન અલગ અલગ માર્કેટ પ્લેસ, હાઇવે કે વિવિધ સર્કલ ઉપર ઊભી રહેતી પોલીસ પાવતી બુક' લઇને નહિ, પરંતુ ફુલ અને ટ્રાફિક અવેરનેસ પેમ્ફલેટ લઇને ઉભેલી જોવા મળશે. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકને પોલીસ દ્વારા ફુલ આપીને તેમણે જે નિયમનો ભંગ કરવાની ભૂલ કરી છે તેનાથી તેમને તથા તેમના પરિવારને શું નુકસાન થઇ શકે છે અને માનવજીવનનું મૂલ્ય વાહનચાલકના પોતાના પરિવાર માટે કેટલુ વિશેષ છે તેની સમજ આપવામાં આવશે.

દિવાળીના તહેવારો દરમિયાન રાજ્યમાં વાહનોની અવર-જવર વધુ પ્રમાણમાં રહેશે, જેથી રાજ્યભરમાં માર્ગ સલામતિ અંતર્ગત ટ્રાફિકના નિયમોની અમલવારી કરાવવા માટે તેમ જ વાહનચાલકોમાં જાગૃતિ લાવવા ઉપરાંત માર્ગ અકસ્માતોના બનાવો ન બને અને વાહનચાલક તેમ જ તેમના પરિવારની સલામતિ જળવાય તે માટે ટ્રાફિક અવેરનેસનો આ નવતર અભિગમ અપનાવ્યો છે. ૩૦મી ઑક્ટોબરથી છઠ્ઠી નવેમ્બર ૨૦૨૪ દરમિયાન હેલ્મેટ, સીટ બેલ્ટ, ઓવર સ્પીડ, રોંગ સાઇટ ડ્રાઇવિંગ તેમ જ લેન ભંગ સહિતના ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકને તેમણે જે નિયમ ભંગ કર્યો છે તે મુજબનું અવેરનેસ પેમ્ફલેટ પોલીસ દ્વારા આપવામાં આવશે. ■

## ગુજરાતમાં ગૌશાળાના ૨૬ હજારથી વધુ પશુઓ માટે ૭.૧૩ કરોડ રૂપિયાની સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચૂકવણી કરવા માટે ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની બીજી બેઠક મળી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ તબક્કામાં રાજ્યની વધુ ૧૬ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ગૌશાળા અને પાંજરાપોળના આશરે ૨૬ હજારથી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા ૭.૧૩ કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

આ યોજના અંતર્ગત ગુજરાતમાં રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ તબક્કા હેઠળ અત્યાર સુધીમાં રાજ્યની ૧,૪૭૧ ગૌશાળા-પાંજરાપોળના આશરે ૪.૪૦ લાખથી વધુ પશુઓના નિભાવ માટે કુલ ૧૨૦ કરોડ રૂપિયાથીથી વધુની સહાય સીધી સેવાભાવી સંસ્થાઓના ખાતામાં ચૂકવવામાં આવી છે. ■